**આવો, ઈસુને મળો - ૨**

૨

# પ્રભુ ઈસુની હાકલ

**લેખક**
**ખ્રિસ્તાનંદ**

કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ, સન્માન હોટલની બાજુમાં,
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર, અમદાવાદ ૩૮૦ ૦૧૪

**ધર્માધ્યક્ષની મંજૂરી**
ડૉ. ચાર્લ્સ ગોમ્સ, એસ. જે.
અમદાવાદના ધર્માધ્યક્ષ
૦૧–૦૧–૧૯૮૭
**ધર્માધિકારીની મંજૂરી**
અંતોની શંકુરિકલ, એસ . જે.
ઉપરી, ઈસુસંઘ, ગુજરાત પ્રાંત
૧૫–૦૧–૧૯૮૭
© સી. આઈ. એસ. એસ.
પ્રથમ આવૃત્તિ : ૧૯૮૭ – નકલ : ૨૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૧ – નકલ : ૩૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૩ – નકલ : ૫૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૫ – નકલ : ૧૦,૦૦૦
પાંચમી આવૃત્તિ : ૧૯૯૯ – નકલ : ૧૨,૦૦૦
છઠ્ઠી આવૃત્તિ : ૨૦૧૩ - નકલ : ૧૦૦૦
સાતમી (સુધારેલી) આવૃત્તિ : ૨૦૧૪ - નકલ : ૨૦૦૦

**પ્રકાશક : વર્ગીસ પૉલ, એસ. જે.**
કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ, સન્માન હોટલની બાજુમાં,
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર, અમદાવાદ ૩૮૦ ૦૧૪

**મુદ્રક :** આણંદ પ્રેસ, ગામડી – આણંદ ૩૮૮ ૦૦૧
ફોન : ૦૨૬૯૨-૨૫૩૯૩૩, ૨૫૬૬૫૦

# પ્રકરણ - ૩
## બેટા, પાછો આવ

આનંદ-સિંધુ આમંત્રે સ્વયં હસ્ત ઉછાળતો,
રંગબેરંગી ઝાંશોનાં મોતીઓ વરસાવતો.

સુણાયે સાદ અને દેશ-કાલની પાર દૂરથી,
લોક લોક તણા ઊંડા અંતરતમ ઉરથી.
-રા. વિ. પાઠક 'શેષ'

પાછલી પુસ્તિકામાં બીજા પ્રકરણમાં છેલ્લા પાને દુઃખી કરી દે એક તેવી વાત આપણે જોઈ. આપણે જોયું કે ઈશ્વરે આપણે ખાતર એક રૂડી યોજના તૈયાર કરી હતી. એ યોજના મુજબ ઈશ્વરે આપણી દુનિયાને આપણા ઉપયોગમાં આવે એવી પાર વગરની વસ્તુઓથી ભરી દીધી હતી. આપણા જેટલા દહાડા નિર્માં હોય તેટલા દહાડા આપણે દુનિયામાં સુખચેનથી રહીએ, મોજથી રહીએ એવી ઈશ્વરની યોજના હતી. આ દુનિયામાં રહી આપણે ઈશ્વરને આપણો માલિક ગણીએ, એના પર પ્રેમ રાખીએ એવી ઈશ્વરની ઇચ્છા હતી. આપણે એના પર પ્રેમ રાખીને જીવીએ એટલે પછી એક દહાડો એ આપણને પોતાની સાથે સદાને માટે વસવા બોલાવી લે ને આપણે એની જોડે સુખી સુખી થઈને રહીએ એવું ઈશ્વરે નિર્ધાર્યું હતું.

પણ આપણાં આદિ માતાપિતાએ ઈશ્વરની આ યોજનામાં પૂળો મૂક્યો. એમણે આ પ્રેમાળ ને કલ્યાણકારી યોજનાને ઠુકરાવી દીધી. મારાં એ માવતર કુછંદે ચઢે તો પછી હું તેમનું સંતાન મારો ભૂંડો ભાગ ભજવ્યા વિના શાનો રહું? મેં એમનાં કુકર્મોમાં મારાં કુકર્મોનો ઉમેરો કર્યો છે. મેં મારાં આદિ માવતરની અવળી કરણી પર મારી મંજૂરીની મહોર મારી છે. આમ આખી માનવજાતે ઈશ્વરને જાકારો દીધો છે ને એની સાથેના છેડા ફાડી નાખ્યા છે. એકેએક માડીજાયો પેલો વંઠેલો દીકરો નીકળ્યો છે. એકેએક જણે ઈશ્વરથી પૂંઠ ફેરવી છે. હું કપૂત મારી મરજીનો માલિક બની મનફાવે તે રસ્તે હું ચાલ્યો ને હાથનાં કર્યાં હૈયે વાગે એ ન્યાયે હવે ધરાર એકલો પડી ગયો છું.

**શક્યતાઓ વિચારીએ**

આમ ઈશ્વરના પ્રેમસંબંધે તો હું મરી પરવાર્યો જ ગણાઉં. મારી આવી કારમી દુર્દશામાં મારી આગળ શી શી શક્યતાઓ પડેલી છે તે હું વિચારી જોઉં.

એ શક્યતા એ છે કે ઈશ્વર મને આ પૃથ્વી પર મારું જીવન જીવી લેવા દે. પછી મારું મોત થાય ને તે સાથે ખેલ ખતમ! મારું અસ્તિત્વ પૂરું. મારું શરીર રાખની ઢગલી થઈ જાય ને તે સાથે મારો આતમરામ પણ પરપોટાની પેઠે ફૂટી જાય. મારો દેહ ટળે ને આત્મા પણ ટળે. પણ ભલું થજો ઈશ્વરનું કે એણે મારામાં અમર થવાની ને અમર રહેવાની પ્રબળ તાલાવેલી જગાવી છે. મારી એ તાલાવેલી મને એ વાતનું ભાન કરાવે છે કે મારું અસ્તિત્વ ભૂંસાઈ જાય એ બનવાજોગ જ નથી. જુઓને, વ્યક્તિ તરીકેની મારી પોતાની આ હયાતી કેટલી અસલ ને કેટલી નક્કર છે. 'હું છું' એ જ મને બતાવે છે કે 'હું ના હોઉં' એવો સંભવ મારે માટે રહેતો નથી આગળ કહ્યું તેમ, આવું ભાન કોણ જગાડી શકે ભલા? ને કહે કંઈ એક અને કરે બીજું એ ઈશ્વરનો ગુણ જ નથી. ઈશ્વરે અમરત્વ પ્રેર્યું છે માટે અમરત્વ ખરું છે.

અમુક પંડિતોએ આ વિશે ખૂબ ઊંડું ચિંતન કર્યું છે અને એક બીજી શક્યતા પણ વિચારી કાઢી છે. પોતાના ચિંતનના પરિપાકરૂપે આ વિદ્વાનોએ કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાંત આપણી આગળ રજૂ કર્યો છે.

આ વિદ્વાનો પાપની હકીકતથી પૂરા વાકેફ હતા. તેઓ એ વાત સ્પષ્ટ સમજી ગયા હતા કે પાપ માણસને ઈશ્વરથી અલગ કરી દે છે. તેઓ આપણી પેઠે આ વિશે વિચાર કરતાં જન્મ-જન્માંતરના ખ્યાલ ભણી વળ્યા. તેઓ એવા મત પર આવ્યા કે માણસ પોતાનાં કર્મો અનુસાર જન્મ-મરણના ફેરામાં અટવાય છે, ગત ભવનાં પાપ-પુણ્ય પ્રમાણે ઊંચી કે હલકી યોનિમાં જન્મ લે છે. ને એનો મોક્ષ ન થાય ત્યાં લગી લખ ચોરાસીના ફેરા ચાલ્યા કરે છે.

પણ શંકરાચાર્ય જુદો મત ધરાવે છે. એમણે લખેલાં 'વેદાન્ત સૂત્ર' (૩, ૨, ૩૮-૩૯)માં આમ લખેલું છે :

શંકરાચાર્યે પોતાના શાંકરભાષ્યમાં આ સૂત્ર પર વિવરણ કરતાં 'ફળ એમનાથી જ (ઈશ્વરથી જ) પ્રાપ્ત થાય છે, કારણ તેમ માનવું વાજબી છે', એવો મત પ્રગટ કર્યો છે. શંકરાચાર્ય લખે છે : "ફળનું કારણ કે નિમિત્ત કર્મ છે કે પછી ઈશ્વર છે? સૂત્રકાર (બાદરાયણ) ઈશ્વર કર્મના સૃષ્ટા છે, એવું કહે છે. કર્મ ક્ષણિક હોય તો એ ભવિષ્યમાં કોઈ ફળ સર્જી ના શકે. શૂન્યમાંથી શૂન્ય જ ઉદ્ભવી શકે."

બાદરાયણે આ માટે 'શ્રુતિ'નું સમર્થન પણ ટાંક્યું છેઃ શંકરાચાર્ય શ્રુતિગ્રંથોમાંથી (બૃહદારણ્યક ઉપનિષદ ૪/૪/૨૪)માંથી આ આધાર શોધી કાઢે છે : *સ વા એષ મહાજન આત્માન્નાદો વિદન્તેઃ વસુનયાનઃ વસુ ચ એવા વેદ॥*

બૃહદારણ્યક ઉપનિષદના આ સૂત્રનો અર્થ એ છે કે, "આ જ તે મહાન પુરુષ, જે અજન્મા છે એવો પરમાત્મા તે અન્ન અને ધન વગેરે ફળ આપનારો છે."

શંકરાચાર્ય પોતાના 'શાંકરભાષ્ય'માં આની વિગતે વાત કરતાં લખે છે કે, "લૌકિક અનુભવ એવો છે કે જેની સેવા કરીએ તે આપણને ફળ આપે. આધ્યાત્મિક ક્ષેત્રમાં યજ્ઞ, શિક્ષા, આહુતિ, પૂજા, અર્ચના વગેરે જેને અનુલક્ષીને આપણે કરીએ છીએ તે જ આપણને એનું ફળ આપે. અર્થાત્ ઈશ્વર આપણને એનું ફળ આપે."

**ઈશ્વર પર આધાર**

શંકરાચાર્યે એક ખૂબ અગત્યનો મુદ્દો નોંધ્યો છેઃ આપણે એકવાર કર્મ કર્યું એટલે કર્યું. મેં કોઈને દગો દીધો એટલે દીધો. પછી મારા એ કુકર્મ બદલ હું ગમે તેટલા ધમપછાડા કરું એનાથી કશો અર્થ ના સરે. મારા પક્ષે તો એવું કાંઈ રહેતું જ નથી જેથી મારા કુકર્મની અસર ભૂંસી શકાય ને એ વ્યક્તિ જોડે મારો સંબંધ પાછો સાધી શકાય. પેલી વ્યક્તિ પોતાની મેળે મારું કુકર્મ જતું કરે તો જ કંઈક થઈ શકે.

મારું પાપ પણ ઈશ્વર સામેનું મારું કુકર્મ છે, એને ભૂંસવા હું ગમે તેટલાં જપ-તપ, યજ્ઞ-ત્યાગ, સ્નાન, યાત્રા કે દાન કરું તોય એ નિરર્થક બને છે. મારા કુકર્મની સામે બીજું કોઈ સતકર્મ કે પુણ્ય કામ આવતું નથી. એ તો પછી ઈશ્વર પર જ નિર્ભર છે. ઈશ્વર મારાં પાપ જતાં કરે તો જ મારો છુટકારો થાય. પેલા વંઠેલા દીકરાને બાપે જે રીતે ગળે વળગાડ્યો એ રીતે ઈશ્વર સામે ચાલીને મને અપનાવી લે તો જ ઈશ્વર સાથેનો મારો તૂટેલો સંબંધ પાછો બંધાય. ફક્ત ઈશ્વર જ પહેલ કરીને મારા ભણી પોતાના હાથ લંબાવે તો જ મારી અવદશામાંથી બહાર નીકળવાની આશા બંધાય.

આમ છે તેથી ધર્મની કે સત્યની ખોજ કરી રહેલ પ્રત્યેક સ્ત્રી-પુરુષનું એ કર્તવ્ય થઈ પડે છે કે, માનવજાતિના ઇતિહાસમાં ઈશ્વરે માનવ ભણી આવો હાથ લંબાવ્યો છે કે નહિ એ શોધવા માટે પોતે ઉત્સુક બને. આવી ઉત્સુકતા જ એની ખોજમાં યોગ્ય દિશામાં ભરેલું પહેલું પગલું ગણાય. આપણે આ જ દિશામાં આગળ વધીશું. આપણે એ જાણવા પ્રયત્ન કરીશું કે આપણે તો ઈશ્વરની યોજના ઠુકરાવી દીધી; પણ એ પછી આપણે તેની જોડે પાછો સંબંધ બાંધી શકીએ એવો કોઈ બીજો મોકો ઈશ્વરે આપણને આપ્યો છે કે કેમ?

**ખોજ : આપણું કર્તવ્ય**

આપણે આ તપાસ ગંભીરપણે હાથ ધરીએ એ ખૂબ મહત્ત્વનું છે. કોઈએ કહ્યું કે લખ્યું એટલે માની લેવું એય બરાબર નથી. મારે પોતે બીજાનું સાંભળ્યા બાદ મારી જાતે સમજીવિચારીને મારી તપાસમાં આગળ વધવું જોઈએ.

અલબત્ત મારે પક્ષે પૂરી નિષ્ઠા, નિખાલસતા ને પ્રામાણિકતા રાખવાં જોઈએ. ઈશ્વરે ખરેખર મારા ભણી હાથ લંબાવ્યો છે કે નહિ? જો લંબાવ્યો હોય તો પછી ક્યાં? આ પ્રશ્નનો જવાબ મેળવવા મારે ખુલ્લા દિલે પુરુષાર્થ કરવો રહ્યો, આમાં અન્ય લોકોના કહેવા પર કે એમના લખાણ પર ઘણો આધાર રાખવો પડે છે. એટલે આપણું આ કામ વધારે કપરું બને છે.

પણ આમાં એક વાત તો નક્કી છેઃ ઈશ્વરનો હાથ અમુક દિશામાં ને અમુક બનેલી ઘટનાઓમાં ખરેખર હોય તો હું એ અવશ્ય પારખી શકવાનો, કેવળ કોઈ માણસ પર જ મારે મદાર રાખવાનો હોય તો તો માનવની મર્યાદાઓ મને અવશ્ય નડે. પણ ખુદ ઈશ્વર જ એ દિશામાં ને ઘટનાઓમાં પ્રગટ થતો હોય તો પછી એ મને પરખાયા વગર રહેશે નહિ. શરત એટલી કે મારે પક્ષે હું ખુલ્લું મન રાખું અને પૂરી પ્રામાણિકતાથી સત્યની શોધ કરું.

**ઈશ્વર મને બોલાવે છે**

આમાં આપણો ઉત્સાહ વધારનારી બીજી એક બાબત પણ છે. તે એક ખુદ ઈશ્વર જ આપણને સૌને પોતાની પાસે પાછાં તેડી જવા આતુર છે. ઈશ્વરે માણસને આંગણે ફરી એકવાર પગ દીધો તેનું આ જ કારણ. ઈશ્વર મને પોતાની પાસે રાખવા ઇચ્છતો હોય તો એ મને જાતે આવીને બોલાવ્યા વિના રહે નહિ. આથી ઈશ્વરનો સાદ સાંભળવો અને તેની પછવાડે ચાલવું એ મારા માટે પણ શક્ય ને સરળ બને.

ને અહીં જ મારી ખોજ અંગે મારી સામે બીજી એક શરત ખડી થાય છેઃ મારે ઈશ્વરનો સાદ સાંભળવો જ જોઈએ. આમાં હું ગાફેલ રહું કે જાણીબૂઝીને આંખ આડા કાન કરું તો એમાં સીધો મારો પોતાનો જ દોષ ગણાય.

હવે આપણે ઈશ્વરે આપણો ઉદ્ધાર કરવા બીજી વાર પ્રયાસ કર્યો એનો સિલસિલો જોવા તરફ વળીએ. અહીં ઘર તરફ ચાલ્યા આવતા ભટકેલ દીકરાનું ને એને મળવા સામે દોડી જતા હરખઘેલા વત્સલ પિતાનું ચિત્ર આપણી આંખો આગળ રમી રહે છે. આ બધું તમે ધ્યાનથી વાંચજો. પછી એ માનવું કે ના માનવું એ તમે જાતે જ નક્કી કરજો. એમાં આવતી ઘટનાઓ મારફતે ઈશ્વર તમારી જોડે વાત કરી રહ્યો છે કે નહિ ને તમને ઈજન આપી રહ્યો છે કે નહિ એનો નિર્ણય તમે પોતે જ કરજો.

પ્રવેશ કરો તે અગાઉ ઉંબરે તમે થોડું થોભો. થોડું થોભો ને ભક્તિથી ને દિલથી ઈશ્વરને નાનકડી પ્રાર્થના કરો. ઈશ્વર પાસે તમે પ્રકાશ માગો જેથી તમને તમારો માર્ગ દેખાય ને એ માર્ગે ચાલવાનું તમને બળ મળે.

અમે આરંભે જ કહ્યું છે કે આપણે અહીં ગણિત કે ભૂગોળ જેવા કોઈ વિષયનો અભ્યાસ કરી રહ્યાં નથી. અહીં તો આપણે આપણા પરમપિતાની પાસે પહોંચવાના રસ્તાનો વિચાર કરી રહ્યાં છીએ. માણસના જીવનમાં જે બાબત સૌથી અગત્યની છે તે વિષે આપણે વિચાર કરી રહ્યાં છીએ. મારા મૃત્યુ પછીની પળે મારું શું થશે એ પ્રશ્નનો જવાબ શોધવા આપણે પ્રવૃત્તમાન થયાં છીએ.

### ઈશ્વરે માણસની કરેલી પસંદગી

આપણાં આદિ માબાપનું પતન થયું ને તે સાથે આ જગતમાં પાપનો પ્રવેશ થયો. પાપે તેમને ને તેમનાં સંતાનોને ભરડામાં લીધાં. જેમ જેમ દુનિયામાં માણસની વસ્તી વધવા લાગી તેમ તેમ પાપ અને બૂરાઈનું ઝેર પ્રસરતું ચાલ્યું. પાપનું આ ઝેર આપણ દરેક જણને ચડ્યું છે તેની આપણને ખબર છે. માણસમાં પાપવૃત્તિ પડેલી છે. પાપ આચરવાનું મને વારેવારે મન થયા કરે છે. ઈશ્વરની અવગણના કરી મારી વૃત્તિઓ ને વાસનાઓને સંતોષવાનું વલણ મારામાં પ્રબળ જ રહે છે.

આમ હોવા છતાં ઈશ્વરે માણસજાતને છોડી દીધી નથી, ત્યજી દીધી નથી. પોતે જેને આટલા બધા પ્રેમથી પેદા કરી હતી તે માનવ-સંતતિને ઈશ્વરે વિસારે પાડી નથી. ઈશ્વરે ચોક્કસ સ્થળે અને ચોક્કસ સમયે માનવ ઇતિહાસમાં પદાર્પણ કર્યું. આ માટે ઈશ્વરે અનેક વર્ષો લીધાં ને ઘણી લાંબી તૈયારી કરી, પણ માનવજાત મધ્યે તે પોતે જ આવ્યો એ તો ચોક્કસ. માણસને મળવું હોય તો ભગવાને પૃથ્વીલોક પર જ આવવું પડે ને!

ઈશ્વરે મધ્યપૂર્વના ઉર વિસ્તારમાં રહેતા અબ્રામ નામના માણસ પર પોતાનો સંદેશો મોકલીને માનવજાત સાથે સંપર્ક સાધ્યો. અબ્રામ ઘરડો થઈ ગયો હતો છતાં તેને શેર માટીની ખોટ હતી. આપણે બાઇબલમાંથી જ આ કથા સાંભળીએઃ

"પ્રભુએ અબ્રામને કહ્યું, 'તું તારો દેશ, તારાં સગાંવહાલાં અને તારા બાપનું ઘર છોડીને હું બતાવું તે દેશમાં ચાલ્યો જા. હું તારામાંથી એક મહાન પ્રજા ઉત્પન્ન કરીશ, તને આશીર્વાદ આપીશ, અને તારા નામનો મહિમા કરીશ. તું આશીર્વાદરૂપ થઈ પડશે. તને જેઓ આશીર્વાદ દેશે તેમને હું આશીર્વાદ દઈશ, અને તને જેઓ શાપ દેશે તેમને હું શાપ દઈશ, અને તારા કારણે ધરતી પરની બધી પ્રજાઓ આશીર્વાદ પામશે.' એટલે પ્રભુના કહેવા પ્રમાણે અબ્રામ ચાલી નીકળ્યો; અને લોટ તેની સાથે થયો. અબ્રામ જ્યારે હારાનથી નીકળ્યો ત્યારે તે પંચોતેર વર્ષનો થયો હતો!" (ઉત્પત્તિ ૧૨ : ૧-૪ા).

અબ્રામે ઈશ્વરનો પુકાર સાંભળ્યો, અને તે પ્રમાણે તેને અજાણી ભૂમિમાં જવું પડ્યું. ઈશ્વરે તેને કહ્યું કે, તે તેને આશીર્વાદ આપશે. અને ઈશ્વરે પોતાનું વચન પૂર્ણ કર્યું. અબ્રામ અને તેના પરિવારે ખૂબ સમૃદ્ધિ પ્રાપ્ત કરી.

પોતાના પસંદ કરેલા આ માનવીને ઈશ્વરે બીજાં પણ વચનો આપ્યાં : "પ્રભુએ અબ્રામને કહ્યું, 'જો, તું જ્યાં ઊભો છે ત્યાંથી ઉત્તરમાં અને દક્ષિણમાં, પૂર્વમાં અને પશ્ચિમમાં નજર કર. તારી નજરે પડતો આખો પ્રદેશ હું સદાને માટે તને અને તારા વંશજોને આપીશ. હું તારા વંશજોની સંખ્યા પૃથ્વીની રજ જેટલી બનાવી દઈશ. જો કોઈ પૃથ્વીની રજને ગણી શકે તો જ તારા વંશજોને ગણી શકે. ઊઠ, આ પ્રદેશમાં એક છેડાથી બીજા છેડા સુધી ફરી વળ, કારણ હું, એ પ્રદેશ તને આપી દેનાર છું" (ઉત્પત્તિ ૧૩ : ૧૪-૧૭).

## ઈશ્વરનું નવું વચન

પણ ઈશ્વરનું આ વચન ફક્ત દુનિયાનાં સુખસમૃદ્ધિ ને આબાદીનું નહોતું. ઈશ્વરનું વચન તો એનાથી ક્યાંય અધિક હતું. આ વચન આપીને તો ઈશ્વરે પતિત માનવીને ઊભો કરવા માટે પોતાનો હાથ લંબાવ્યો હતો.

આપણે ઈશ્વરે અબ્રામ આગળ ઉચ્ચારેલાં આ વચનો સાંભળીએ. આ ખુદ ભગવાનના શબ્દો છે. એ આપણે યાદ રાખીએ અને પૂરી ભક્તિથી એનું પઠન કરીએઃ

"જ્યારે અબ્રામ નવ્વાણું વર્ષનો થયો ત્યારે ઈશ્વરે તેને દર્શન દઈને કહ્યું, 'હું સર્વશક્તિમાન ઈશ્વર છું. મને માથે રાખી કોઈ પણ દોષમાં પડ્યા વગર ચાલ. હું મારી અને તારી વચ્ચે કરાર કરીશ, અને તારો વંશવેલો ખૂબ ખૂબ વધારીશ.'

"અબ્રામે સાષ્ટાંગ પ્રણામ કર્યા અને ઈશ્વરે તેને કહ્યું, 'જો હું તારી સાથે આ કરાર કરું છુંઃ તું અનેક પ્રજાઓનો પિતા થઈશ. હવે તારું નામ અબ્રામ નહિ રહે. તારું નામ અબ્રાહામ રહેશે કારણ મેં તને અનેક પ્રજાઓનો પિતા બનાવ્યો છે. હું તારી સંતતિ ખૂબ ખૂબ વધારીશ. તારી સંતતિમાંથી હું પ્રજાઓનું નિર્માણ કરીશ, અને તારા વંશજો વચ્ચે કાયમનો કરાર કરીશ કે, તારો અને તારા પછી તારા બધા વંશજોનો હું ઈશ્વર થઈશ. જે દેશમાં તું આવીને વસ્યો છે એ કનાનનો આખો પ્રદેશ હું તને અને તારા વંશજોને કાયમી મિલકત તરીકે આપીશ અને હું તેઓનો ઈશ્વર થઈશ" (ઉત્પત્તિ ૧૭ : ૧-૮).

પણ ખાટલે મોટી ખોટ તો રહી જ ગઈ હતી. અબ્રામ અને તેની વહુ સાવ ઘરડાં થઈ ગયાં હતાં ને તેમને કોઈ સંતાન નહોતું. એટલે ઈશ્વરની પ્રજાનો વંશવેલો તેમને હાથે કેવી રીતે આગળ વધી શકે? તેઓ શી રીતે ઈશ્વરના આ નવા કુળનાં પૂર્વજો બની શકે?

"પછી અબ્રાહામ સાષ્ટાંગ પ્રણામ કરી હસી પડ્યો. તે મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો, 'શું સો વરસના માનવને છોકરાં થશે? નેવું વર્ષની સારાને શું બાળક અવતરશે?' અબ્રાહામે ઈશ્વરને કહ્યું, 'ઈશ્માએલ તારી કૃપાથી જીવતો રહે એટલે થયું.'

"ઈશ્વરે કહ્યું, 'ના, તારી વહુ સારાને તારાથી એક પુત્ર અવતરશે, અને તેનું નામ ઈસહાક પાડવું. હું તેની સાથે મારો કરાર કરીશ અને તે તેના વંશજો માટે પણ કાયમનો કરાર રહેશે" (ઉત્પત્તિ ૧૭ : ૧૭-૧૯).

સારાએ પણ આ વાત હસી કાઢી. એને ખબર હતી કે પોતે વાંઝણી તો છે જ. ઉપરાંત બાળકને જન્મ આપવાની અવસ્થા પણ હવે તો વીતી ગઈ છે.

"ઈશ્વરે અબ્રાહામને કહ્યું, 'સારા કેમ હસીને બોલી કે, 'મને છોકરો આવશે ખરો? હું તો ઘરડી થઈ છું.' ઈશ્વરને શું અસાધ્ય છે? નક્કી કરેલા સમયે આવતા વરસે હું જરૂર તારે ત્યાં પાછો આવીશ, અને સારાના ખોળામાં પુત્ર રમતો હશે જ.' પછી સારાએ ઈન્કાર કર્યો અને કહ્યું, 'હું હસી નહોતી,' કારણ તે ડરી ગઈ હતી. ઈશ્વરે કહ્યું, 'તું સાચે જ હસી હતી" (ઉત્પત્તિ ૧૮ : ૧૩-૧૫).

## નવું કુળઃ નવી પ્રજા

ફરીવાર ઈશ્વરે માનવ-ઈતિહાસમાં પગ દીધો. અબ્રાહામના ઘેર પારણું બંધાયું, એને ઘેર દીકરાનો જન્મ થયો. અબ્રાહામે દીકરાનું નામ ઈશ્વરના કહ્યા પ્રમાણે  ઈસહાક પાડ્યું. એ લોકોને સુખના દહાડા આવ્યા તેમ દુઃખના દહાડા પણ આવ્યા. તેમની ચડતી થઈ ને પડતી પણ થઈ. પણ પોતાના લોક સાથે ઈશ્વર હરઘડી મોજૂદ રહ્યો. ઈશ્વર પોતાના આ લોક મારફતે એક ખાસ કામ પાર પાડવા માગતો હતો. તેઓ એ કામ પાર પાડી શકે એ સારુ ઈશ્વરે પહેલાં એ લોકોના ઘડતરનું કામ ઉપાડ્યું.

અહીં હું થોડું અટકું ને શાંતિથી થોડો વિચાર કરું. અબ્રાહામને ઈશ્વરે કરેલી હાકલ મેં સાંભળી. શું એનો મારા હૃદય પર કોઈ પ્રભાવ પડે છે? માણસે ઈશ્વરની શરમજનક અવગણના કર્યા બાદ ઈશ્વરે અહીં વળી પાછો એને ખભે પ્રેમાળ હાથ દીધો એમ મને લાગે છે ખરું?

અબ્રાહામની હિંમતને તો મારે દાદ દેવી પડે. એ ઈશ્વરની હાકલને કેવો તાબે થયો! પહેલાં ઈશ્વરે એને કહ્યું કે, તારું ઘર ને તારું વતન છોડ, તો એણે એ તરત જ છોડ્યાં. પછી કહ્યું કે, "તું અજાણ્યા મુલકમાં જા," તો આગળપાછળનો વિચાર કર્યા વિના અબ્રાહામ તાબડતોબ ચાલી નીકળ્યો. ઈશ્વરે કહ્યું, માટે એણે કર્યું. પોતાના આખા આયખામાં ડગલે ને પગલે અબ્રાહામ આમ જ કરતો રહ્યો. ઈશ્વર પરના એના ભરોસાનો જોટો જડે એવો નથી.

પુરુષ હો યા સ્ત્રી, ઈશ્વર દરેક જણને આ જ રીતે હાકલ કરતો રહે છે. ઘણીવાર ઈશ્વર જાણે ખાંડણિયામાં માથું મૂકવાનું આપણને ફરમાવે છે. અશક્ય લાગે એવાં કામ આપણને બતાવે છે. ઈશ્વર આમ કરીને આપણી પાસે ઇચ્છા માગે છે કે આપણે તેના પર ભરોસો રાખીએ. આપણા જીવનની પ્રત્યેક પળે ઈશ્વરની વાત કાને ધરી આપણે ‘‘એક ડગલું બસ થાય’’ એ જ શબ્દો ઉચ્ચારીએ.

જો હું અબ્રાહામના જેવી શ્રદ્ધા ને એના જેવો વિશ્વાસ ધારણ કરીને ઈશ્વર દોરે તેમ દોરાઉં તો હું આખરે એક અજબ મુલકમાં ને અજબ જીવનમાં મારા પરિવાર સોતો પહોંચી જવાનો, એ વાત તો નક્કી. ખુદ ઈશ્વરનું આ વરદાન છે.

## વરેલી પ્રજાની ગુલામી

ઈશ્વરનું માણસને એક નવા ને સમૃદ્ધ જીવનનું વરદાન છે, અચૂક અને અમોઘ વરદાન છે. પણ તેથી કરીને માર્ગમાં કસોટીઓ ને મુશ્કેલીઓ ન જ આવે એવું તો ક્યાંથી બને?

સદીઓ વીતી ને અબ્રાહામના વંશજોની યહૂદી લોકો તરીકે કોમ બંધાઈ. આ કોમ પોતાના માદરે વતનમાં નહિ, બલકે પર મુલક એવા મિસરમાં બંધાઈ. પર મુલકમાં એ કોમ એવી તો ફૂલીફાલી કે ત્યાંના રાજાને ચિંતા પેઠી. આ કોમ એક દહાડો પોતાને ભારે પડશે એવી રાજાને દહેશત પેઠી, તેથી રાજાએ એમની સ્વતંત્રતા છીનવી લીધી, એમને ગુલામ બનાવી દીધા ને એમના પર ભારે અત્યાચારો ગુજારવા શરૂ કર્યા. ને ભારે વેઠ ઠોકી બેસાડી.

ઈશ્વરે પસંદ કરેલાં લોકની દશા દહાડે દહાડે બદતર બનતી ચાલી. છતાં ઈશ્વરે એમને કાંઈ વિસારે પાડ્યાં નહોતાં. ઈશ્વરે એ જ કોમના મોશે નામના નવજવાનને તૈયાર કર્યો. એ મોશે જ એમનો ગાંધી બનનાર હતો.

એક દહાડો મોશે વગડામાં ઘેટાં ચારી રહ્યો હતો. ત્યાં એને હચમચાવી નાખે એવો અનુભવ થયો. બાઇબલમાંનો આ પ્રસંગ સાંભળોઃ

‘‘હવે મોશે ઘેટાં-બકરાંને હાંકતો રણની સામી બાજુએ ઈશ્વરના પર્વત હોરેબની નજીક આવી પહોંચ્યો. ત્યાં ઝાંખરામાંથી નીકળતા ભડકારૂપ પ્રભુના દૂતે તેને દર્શન આપ્યાં. તેણે જોયું તો ઝાંખરું સળગતું હતું પણ બળી નહોતું જતું. મોશેએ વિચાર્યું, ‘હું પાસે જઈને આ અદ્‌ભુત દૃશ્ય જોઉં. આ ઝાંખરું બળી કેમ નથી જતું?’‘પ્રભુએ મોશેને જોવા માટે પાસે આવતો જોઈને ઝાંખરામાંથી બૂમ પાડી, ‘મોશે, મોશે!’

‘‘મોશે બોલ્યો, ‘જી, આ રહ્યો!’

‘‘ઈશ્વરે કહ્યું, ‘પાસે ના આવીશ. પગરખાં કાઢી નાખ, કારણ, તું જ્યાં ઊભો છે તે ભૂમિ પવિત્ર છે. હું તારા વડવાઓનો ઈશ્વર છું, અબ્રાહામનો, ઈસહાકનો અને યાકોબનો ઈશ્વર છું.’ અને મોશેએ પોતાનું મોઢું ઢાંકી દીધું, કારણ, ઈશ્વર તરફ જોતાં તેને ડર લાગતો હતો. પછી ઈશ્વરે કહ્યું, ‘મિસરમાં મારા લોકોની દુર્દશા મેં જોઈ છે. તેમના મુકાદમો વિરુદ્ધની તેમની ફરિયાદ મેં સાંભળી છે. તેમની હાડમારીની મને ખબર છે. તેમને મિસરીઓના હાથમાંથી છોડાવવા અને તેમને દેશમાંથી એક સારા અને વિશાળ દેશમાં લઈ જવા હું નીચે આવ્યો છું, જ્યાં દૂધ અને મધની રેલમછેલ છે, અને જ્યાં કનાનીઓ, હિત્તિઓ, અમોરીઓ, પરીઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓ વસે છે. અને હવે, જો ઇસ્રાયલીઓનો પોકાર મારા સુધી પહોંચ્યો છે. અને મિસરીઓ તેમના પર જે જુલમ કરે છે તે મેં જોયો છે. એટલે ચાલ, હું તને ફારૂન પાસે મોકલું, અને તું મારા લોકો ઇસ્રાયલીઓને બહાર લઈ આવ.’

‘‘મોશેએ ઈશ્વરને કહ્યું, ‘હું કોણ ફારૂન પાસે જનારો અને ઇસ્રાયલીઓને મિસરની બહાર લાવનારો?’

‘‘પણ ઈશ્વરે કહ્યું, ‘હું તારી સાથે રહીશ.’’’ (મહાપ્રસ્થાન ૩ : ૧-૧૨)

‘‘પણ એકલો મોશે જ શા માટે? અબ્રાહામને પણ લાગ્યું હતું કે ઈશ્વર કહે છે તે કરવાનું મારું ગજું નથી. આપણે દરેક જણ પણ, પ્રામાણિકપણે કહીએ તો, આવી જ લાચારી ને કમજોરી અનુભવીએ છીએ. એટલે મોશે ઈશ્વર આગળ નામુક્કર જતો હતો તે આપણે સમજી શકીએ એમ છીએ.

‘‘મોશેએ ઈશ્વરને કહ્યું, ‘હે ઈશ્વર, હું કાંઈ સારો વક્તા નથી. પહેલાંય નહોતો અને તમે આ સેવક સાથે વાત કરી ત્યાર પછી પણ નથી. મારી વાણી અને જીભ મંદ છે.’ ત્યારે ઈશ્વરે કહ્યું, ‘માણસને મોં કોણે આપ્યું છે? અને મૂંગો કે બહેરો, દેખતો કે આંધળો કોણ બનાવે છે? શું હું ઈશ્વર નથી? માટે હવે જા, હું તને બોલવામાં સહાય કરીશ અને શું બોલવું તે શીખવીશ.’’’ (મહાપ્રસ્થાન ૪ : ૧૦-૧૨)

## ગુલામીમાંથી મુક્તિ

ઈશ્વરે પોતે મોશેને આ હાકલ કરી હતી. મોશેએ ઈશ્વરની આજ્ઞા માથે ચડાવી ને ઈશ્વર પણ એની પડખે હતો. છતાં એનો રસ્તો આસાન નહોતો. એનાં પોતાનાં લોકને જ છુટકારો મેળવવામાં કોઈ દિલચસ્પી નહોતી. મોશે પૂંછડાં આમળીને એમને ઊભાં કરે ત્યારે માંડ માંડ તેઓ ઊભાં થતાં હતાં. મિસરના લોકો પણ મફતમાં મળેલા વેઠિયાઓને શાના જવા દે? એટલે તેઓ મોશેને ધમકીઓ આપી ડરાવતા હતા.

મોશેને પોતાનો ટેકો છે એ બતાવવા ઈશ્વરે મિસરના રાજાને જડબેસલાક નિશાનીઓ આપી, છતાં રાજા યહૂદીઓને જવા દેવા તૈયાર થયો નહીં. આમ છતાં ઈશ્વરે એક છેવટની નિશાની આપવાનું મુનાસિબ માન્યું. "ઈશ્વરે મોશેને કહ્યું, 'હજી હું ફારૂન અને મિસર ઉપર એક વધુ આફત નાખીશ. ત્યાર પછી તે તમને અહીંથી જવા દેશે; બલ્કે, તે તમને બધાંને હાંકી જ કાઢશે." (મહાપ્રસ્થાન ૧૧ : ૧)

"પછી મોશે રાજાની પાસે ગયોઃ ઈશ્વર એમ કહે છે કે, 'મધરાતના અરસામાં હું મિસરમાં ફરવા નીકળીશ, અને પહેલાં ખોળાનાં બધાં જ બાળકો મરણ પામશે. ગાદી પર બેસનાર મિસરના પાટવી કુંવરથી માંડી ઘંટી ફેરવતી દાસીના પહેલા દીકરા સુધીના સૌ બલકે ઢોરોનાં પણ બધાં પહેલાં બચ્ચાં મરણ પામશે. અને આખા મિસર દેશમાં એવી રોકકળ મચી જશે કે પહેલાં કદી થઈ નહીં હોય અને ભવિષ્યમાં કદી થશે નહીં. પણ કોઈ પણ ઇસ્રાયલી સામે-માણસ સામે કે પશુ સામે - કૂતરુંયે ભસશે નહિ. એ ઉપરથી તમે સમજી શકશો કે હું, પ્રભુ, મિસરવાસીઓ અને ઇસ્રાયલીઓ વચ્ચે ભેદ કરું છું. અને ત્યારે તમારા આ બધા અમલદારો, મારી પાસે આવી પગે પડી કહેશે કે, 'ચાલ્યા જાઓ, તમે અને તમારા બધા અનુયાયીઓ!' મોશેએ આગળ કહ્યું, ત્યાર પછી હું ચાલ્યો જઈશ અને ક્રોધથી લાલચોળ બનીને મોશે ફારૂન આગળથી ચાલ્યો ગયો.

પછી પ્રભુએ મોશેને કહ્યું, 'ફારૂન તારી વાત નહિ સાંભળે, જેથી મિસર દેશમાં હું વધુ ચમત્કારો કરી શકું.' મોશેએ અને હારૂને ફારૂનના દેખતાં આ બધા ચમત્કારો કરી બતાવ્યા. પણ ઈશ્વરે ફારૂનને હઠે ચઢાવ્યો અને તેણે ઇસ્રાયલી લોકોને પોતાના દેશની બહાર જવા ન દીધા (મહાપ્રસ્થાન ૧૧ : ૪-૧૦).

રાજાએ મોશેની વાત કાને ધરવાને ધરાર ઇન્કાર કર્યો. એટલે પછી બનવાકાળ હતું તે બન્યું. પહેલા વેતરનાં બધાં પ્રાણીઓ ને પહેલા ખોળાનાં બધાં માણસો મોતના મોંમાં ઓરાયાં. આખા મિસરમાં હાહાકાર મચી ગયો. આખરે રાજાએ મોશેને કહ્યું, 'તું તારાં લોકો, તેમનાં ઢોરઢાંખર તથા ઘેટાં-બકરાં લઈ અહીંથી ચાલતી પકડ.' રાજા એવો તો તોબા પોકારી ગયો હતો કે તે વધારે મુસીબત નોતરવા તૈયાર નહોતો.

બાઇબલના મહાપ્રસ્થાનના ગ્રંથમાં ઈશ્વરને હાથે થયેલી તેની વરેલી પ્રજાની મુક્તિનું વિગતવાર વર્ણન આપવામાં આવ્યું છે. તેમના માર્ગમાં કેવી રીતે કસોટીઓ ને આફતો આવી તેનુંય તેમાં વર્ણન છે. આ બધામાં એક મુદ્દો હંમેશાં ધ્યાનમાં રાખવા જેવો છેઃ ઈશ્વર પોતાનાં લોકોનું રજેરજ વાતે ધ્યાન રાખે છે. અને કદી તેમનું બૂરું થવા દેતો નથી, યહૂદીઓ ગુલામો હતા. ભારે યાતનાઓ હેઠળ કચડાયેલા હતા, ચૂં કે ચાં કરી શકે તેમ નહોતા. એવા સંજોગોમાં ઈશ્વર જ પોતે તેમની વહારે આવ્યો. ઈશ્વરે જ તેમનાં બંધન કાપ્યાં. ને તેમને નવી જિન્દગી બક્ષી.

## આપણી ગુલામી

આપણે દરેક જણ આપણી ગુલામીથી વાકેફ છીએ. હું જોઈ શકું છું કે હું એક બંદી જેવો છું. અમુક બાબતો મારા હાથ બહારની છે. મારી રોજિંદી જરૂરિયાતો ને રોજની ઉપાધિઓ, મારી તંદુરસ્તી એવી એવી અનેક બાબતો મારા હાથ બહારની હોય છે. મારી નબળાઈઓ ને મારાં પાપ મારા પર ચડી બેઠેલાં લાગે છે. મને લાગે છે કે આમાંથી મારો ઉગારો જ નથી.

હકીકતમાં આખો સમાજ બૂરાઈઓનો ગુલામ બની ગયેલો લાગે છે. જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર ને લડાઈ-ઝઘડા, ઈર્ષા ને દ્વેષ, યુદ્ધ ને અનાચાર, કંઈ કંઈ આશાઓ ને સદ્ભાવના હોવા છતાં આપણે આ બધાંમાંથી છૂટી શકતાં નથી.

આપણને લાગે છે કે આમાં આપણું કંઈ વળે એમ નથી. કે આપણું કંઈ ચાલે એમ નથી. આપણને લાગે છે કે આપણે છેક જ નબળાં અને લાચાર છીએ.

તો પછી શું કોઈ આશા જ નથી? શું મારી આ રોજની રામાયણ ને રોજની રડાકૂટથી ઈશ્વર વાકેફ છે એમ હું માની શકું? શું હું એમ માની શકું કે ઈશ્વરને મારી ખરેખર પડી છે? ઈશ્વર પોતે જ મને આમાંથી છોડાવશે એવી આશા હું રાખી શકું? મોશે કમજોર હતો તેવો હુંય છેક કમજોર છું. 'હું સારો વક્તા નથી. પહેલાંય નહોતો અને તમે આ સેવક સાથે વાત કરી ત્યાર પછી પણ નથી.' એવું જ મોશેની પેઠે મારેય કહેવું પડે. છતાં આવા નિર્માલ્ય ને નાચીજ એવા મને ઈશ્વર બોલાવશે એવી આશા શું હું રાખી શકું?

**પ્રાર્થના**

હે પ્રભુ, હું ઘણી બધી વસ્તુઓનો ગુલામ છું. પૈસાટકાની, મારા કુટુંબની, મારી જંજાળની મને ભારે ઉપાધિ છે. મારું શોષણ થાય છે અને હું વિના વાંકે દંડાઉ છું. મારી દુર્વૃત્તિઓ, મારો ગુસ્સો ને મારી અદેખાઈ મને કબજે કરીને બેઠાં છે. હું મારી પોતાની ખાસ નબળાઈઓનો પણ ગુલામ છું.

હું મારાં પાપોનો ગુલામ છું.

હું નથી મારી જાતને કંઈ મદદ કરી શકતો કે નથી તો એને છોડાવી શકતો.

કેવળ તું જ મને છોડાવી શકે.

તું જ નિર્બળનું બળ છે, તું જ અશરણનું શરણ છે.

તેં પોતે માણસોની ફિકરચિંતા રાખી છે.

ઘણી ઘણી રીતે તું મારી દેખભાળ રાખી રહ્યો છે.

હે નાથ, મને ઉગાર. આ ભવસાગરમાંથી મને પાર ઉતાર.

# પ્રકરણ - ૪
## ઈશ્વરનો આપણી મધ્યે વાસ

આજની ઘડી તે રળિયામણી,
મારો વહાલોજી આવ્યાની વધામણી.
- નરસિંહ મહેતા

વર્ષો વીતી ગયાં. ઈશ્વરે પોતાનાં લોકને વતનમાં ઠરીઠામ કર્યાં હતાં ને એમની મધ્યે એ અહર્નિશ પોતાનું કામ કરી રહ્યો હતો. પોતાની યોજના એમની મારફતે ઈશ્વર પાર પાડવા માગતો હતો. એ સારુ ઈશ્વર તેમને કેળવીને સજ્જ કરી રહ્યો હતો. પોતે એમની મધ્યે જેને મોકલવાનો હતો તેને તેઓ વધાવી લે એમ ઈશ્વર ઇચ્છતો હતો.

પણ જેવા આપણે તેવા યહૂદીઓ. ઝટ ને ઝાઝી ગમ પડે જ નહિ. ઈશ્વરે એમને કેટકેટલું આપ્યું હતું! એમનો કેવો રૂડો સાથ નિભાવ્યો હતો! છતાં યહૂદીઓએ ઈશ્વરને કશા લેખામાં ના લીધો. બધું સમુંસૂતરું ચાલતું હોય ને કશી વાતની ખોટ ના હોય ત્યારે ઈશ્વરને યાદ કરવા જેટલા એ શાના નવરા હોય? યહૂદીઓ સુખની ઘડીઓમાં સુંવાળા બની જતા ને પોતાના સ્વાર્થમાં ડૂબી જતા. પોતાની જાતને જ સજાવી-ધજાવીને ફરતા ને પોતાના ઈશ્વર તથા માનવબંધુ ભણી પોતાનું કોઈ કર્તવ્ય છે એ છેક જ વીસરી જતા.

એમને ઠેકાણે લાવવા સારુ ઈશ્વર એમની વચ્ચે પોતાનો સંદેશો આપીને પયગંબરોને મોકલતો રહ્યો ને તેમને સાચા પ્રેમ ને સાચી ઉપાસના ભણી વાળવા મથતો રહ્યો. પણ એ બધું પથ્થર પર પાણી સમાન નીવડ્યું. એટલે છેવટના ઉપાય લેખે ઈશ્વરે રાતી આંખ કરવાનું મુનાસિબ માન્યું જેથી તેઓની આંખ ઊઘડે ને ઈશ્વર ભણી તેઓ પાછા વળે. એમને સાચી વસ્તુસ્થિતિનું ભાન કરાવવા ઈશ્વરે એમની પર દુકાળ ને યુદ્ધ અને રોગચાળાના ઓળા ઊતરવા દીધા.

આપણી પેઠે એમનેય કસોટીઓ તથા મુસીબતો મારફતે સાચો પાઠ ભણાવવો જરૂરી હતો, જેથી એમને ખબર પડે કે તેઓ સર્વેસર્વા નથી ને ઈશ્વર વિના કાંઈ જ કરી શકે એમ નથી. એમને ઈશ્વરની ખોટ સાલે એ જરૂરી હતું. ઈશ્વર ભણી વળવાની ને એની વાત કાને ધરવાની તાલાવેલી એમનામાં પેદા થાય એ આવશ્યક હતું.

એમના ઇતિહાસમાં આ ચક્કર ચાલતું જ રહ્યું. સુખસાહ્યબીનો સમો આવ્યે તેઓ ઈશ્વરથી પીઠ ફેરવી લેતાં; ઈશ્વર એમને પાછા વળવા કહેતો પણ એ બધું એમના બહેરા કાને અથડાતું, એટલે એમની સાન ઠેકાણે લાવવા ઈશ્વર એમના પર કોઈ ને કોઈ આફત ગુજરવા દેતો. આખરે વખાના માર્યા તેઓ ભગવાનને યાદ કરતા ને પાછા એનું શરણ શોધતા.

સુખે સાંભરે સોની ને દુઃખે સાંભરે રામ. સાચું પૂછો તો હુંય આમ જ કરું છું. બધું સારું ચાલતું હોય ત્યારે હું ઈશ્વરને ભૂલી જાઉં છું. ભીડ પડતાં એની આગળ હાથ જોડું છું. ઈશ્વર પણ મારી અક્કલ ઠેકાણે રહે એ સારુ ક્યારેક મારા પર દુઃખ આવવા દેતો હોય છે.

આમ ધીરજ રાખીને ઈશ્વર પોતાનાં લોકને કેળવતો રહ્યો. એક મહાન ઘટના સારુ ધીરે ધીરે એમને સજ્જ કરતો રહ્યો.

### મરિયમ પર સંદેશો

આપણે જોયું કે ઈશ્વર પોતાની યોજનામાં અમુક વ્યક્તિઓને જોતરતો રહ્યો હતો, ને જુદે જુદે સમયે એમને ખાસ કામ સોંપતો રહ્યો હતો. અબ્રાહામ, મોશે ને પયગંબરો જેવા સત્પુરુષો મોકલીને ઈશ્વર યહૂદી લોકોને પોતાના ભણી વાળતો રહ્યો હતો.

હવે બધી તૈયારીઓ થઈ ચૂકી હતી, સમય પાકી ગયો હતો. હવે ખુદ ઈશ્વર પોતાના લોકો મધ્યે આવશે. એમની વચ્ચે આવશે ને એમનાં પાપોની ગુલામીનો અંત આણશે. એમની મુક્તિનું પોતે આદરેલું કાર્ય પોતાના હાથે જ પૂરું કરશે. ઈશ્વરપુત્ર તરીકે તે માનવઅવતાર લેશે ને આપણા સૌનાં પાપોનો નાશ કરશે.

ઈશ્વરે પોતાનું મુક્તિકાર્ય ભલે ઇસ્રાયલી લોકો વચ્ચે આરંભ્યું, પણ ઈશ્વર આખી માનવજાતને મુક્તિ આપવા માગતો હતો. તેથી દેશ દેશના ધર્મગ્રંથો ને ધાર્મિક સાહિત્યમાં પોતાના અવતારના અણસાર તે તે દેશના લોકોને ઈશ્વરે આપ્યા છે.

પણ ઈશ્વર માનવ બનીને માનવજાતિ મધ્યે પધારે એ માટે એક નારીપાત્ર જોઈએ. એ નારી અણીશુદ્ધ કુમારી હોય ને સર્વથા કલંકરહિત હોય, પાપનો પડછાયો સુધ્ધાં એના પર પડ્યો ન હોય. આવી નારી જ ભગવાનને કૂખે ધારણ કરી શકે ને? આનો પાઠ આપણે બાઇબલના શુભસંદેશમાંથી જ વાંચીએઃ

"છઠ્ઠે મહિને ઈશ્વરે દેવદૂત ગાબ્રિએલને ગાલીલ પ્રાંતના નાસરેથ નામે ગામમાં એક કન્યા પાસે મોકલ્યો. કન્યાનું નામ મરિયમ હતું અને તેમના વિવાહ દાવિદના વંશજ યોસેફ નામના માણસ સાથે થયા હતા. દેવદૂતે તેમની પાસે અંદર જઈને કહ્યું, 'પ્રણામ, તારી ઉપર પ્રભુની કૃપા ઊતરી છે, પ્રભુ તારી સાથે છે.'

"આ વચન સાંભળીને તેઓ ક્ષોભ પામ્યાં અને વિચાર કરવા લાગ્યાં કે, આ તે કેવા પ્રકારના પ્રણામ! ત્યારે દેવદૂતે તેમને કહ્યું, 'ગભરાઈશ નહિ, મરિયમ, કારણ, ઈશ્વર તારા ઉપર પ્રસન્ન થયા છે. જો, તને ગર્ભ રહેશે અને એક પુત્ર અવતરશે, તેનું નામ તું ઈસુ રાખજે. એ મહાન હશે અને પરાત્પરનો પુત્ર કહેવાશે; પ્રભુ પરમેશ્વર તેને તેના પૂર્વજ દાવિદનું રાજસિંહાસન આપશે. અને તે યુગોના યુગો સુધી ઇસ્રાયલની પ્રજા પર રાજ્ય કરશે; તેના રાજ્યનો અંત આવશે નહિ.'

"મરિયમે દેવદૂતને કહ્યું, 'એ શી રીતે બનશે? હું તો પતિગમન કરતી નથી.'

"દેવદૂતે જવાબ આપ્યો, 'પવિત્ર આત્મા તારા ઉપર ઊતરશે અને પરાત્પરને પ્રભાવ તને છાઈ દેશે, અને એ જ કારણથી જે પવિત્ર પુત્ર અવતરશે તે 'ઈશ્વરપુત્ર' કહેવાશે. અને જો તારી સગી એલિસાબેતને પણ ઘડપણમાં ગર્ભ રહ્યો છે અને જે વાંઝણી કહેવાતી હતી એને અત્યારે છઠ્ઠો મહિનો ચાલે છે. કારણ, ઈશ્વરને કશું અશક્ય નથી.'

"મરિયમે કહ્યું, 'હું તો ઈશ્વરની દાસી છું. તારી વાણી મારી વિશે સાચી પડો.'

પછી દેવદૂત તેમની પાસેથી ચાલ્યો ગયો" (લૂક ૧ : ૨૯, ૩૮).

**બાળકનો જન્મ**

આ બધું બની રહ્યું હતું ત્યારે જગત તો જેવી રીતે ચાલતું હતું એવી રીતે જ ચાલતું રહ્યું. માણસો જીવતા રહ્યા ને મરતા રહ્યા. ખાતા રહ્યા ને ઊંઘતા રહ્યા, ઠગતા રહ્યા ને લૂંટતા રહ્યા. લડાઈઓ ને કજિયા-કલહ કરતા રહ્યા. ઘૃણાથી ને ક્રોધથી એકબીજાનાં ગળાં કાપતા રહ્યા.

ને એથી કોઈનું એ ભણી ધ્યાન ન ગયું. દૂર ખૂણાના એક અજાણ્યા ગામડામાં મરિયમનો પુત્ર હવે જન્મવાનો હતો. કોઈએ એની નોંધ સરખી ના લીધી. ખુદ પરમેશ્વર પિતાની એ યોજના હતી. પોતાનો પુત્ર જગતમાં જાહેર થાય એ સમય હજી પાક્યો નહોતો.

ઈસુના જન્મની કથા એક સરળ નાતાલની કથા છે. શુભસંદેશકાર લૂકના શુભસંદેશના બીજા અધ્યાયમાંથી આપણે એ કથા વાંચીએ.

"હવે, એ સમયે એવું બન્યું કે, બાદશાહ ઓગસ્તસે આખા રોમન સામ્રાજ્યની વસ્તીગણતરી કરવાનું ફરમાન કાઢ્યું. એ પહેલી વસ્તીગણતરી હતી. અને તે સમયે કરીનિયુસ સિરિયાનો સૂબો હતો. એટલે સૌ પોતપોતાને વતન નોંધાવા માટે ચાલ્યાં ગયાં.

"એ રીતે યોસેફ પણ, દાવિદના વંશના અને કુળના હોવાથી, ગાલીલના ગામ નાસરેથથી યહૂદિયામાં આવેલા દાવિદના નગર બેથલેહેમ નોંધાવવા ચાલ્યા ગયા. તેમની સાથે મરિયમ હતાં, જેમની સાથે તેમના વિવાહ થયેલા હતા. તે સગર્ભા હતાં અને તે લોકો ત્યાં હતાં એ દરમિયાન જ તેમની પ્રસૂતિનો સમય આવી પહોંચ્યો. અને તેમણે પહેલા પુત્રને જન્મ આપ્યો. તેમણે બાળકને વસ્ત્રમાં ઢબૂરીને ગભાણમાં સુવાડ્યો, કારણ, ઉતારામાં તેમને માટે જગા નહોતી.

"એ પ્રદેશમાં ખુલ્લા મેદાનમાં રહેતા કેટલાક ભરવાડો રાત્રે વારાફરતી પોતાનાં ઘેટાંની ચોકી કરતા હતા. અચાનક એક દેવદૂત તેમની આગળ પ્રગટ થયો અને તેમની આસપાસ ઈશ્વરની પ્રભા ઝળહળવા લાગી. આથી તેઓ ખૂબ ભયભીત થઈ ગયા. પણ દેવદૂતે તેમને કહ્યું, 'બીશો નહીં, સાંભળો, હું તમને ભારે આનંદના શુભસમાચાર આપવા આવ્યો છું. આખી પ્રજાને પણ એથી આનંદ આનંદ થઈ રહેશે; આજે દાવિદના નગરમાં તમારો મુક્તિદાતા અવતર્યો છે. એ જ ખ્રિસ્ત-પ્રભુ છે. એની એંધાણી એ કે તમે એક બાળકને કપડાંમાં લપેટીને ગમાણમાં સુવાડેલો જોશો.'

“પલકારામાં એ દેવદૂતની સાથે બીજા સ્વર્ગીય દેવદૂતોનો સમૂહ ઈશ્વરની સ્તુતિ ગાતો નજરે પડ્યો, ‘પરમધામમાં ઈશ્વરનો મહિમા અને પૃથ્વી પર ઈશ્વરનાં પ્રીતિપાત્ર માણસોમાં શાંતિ!’

“પછી દેવદૂત તેમની આગળથી સ્વર્ગમાં પાછા ચાલ્યા ગયા એટલે ભરવાડો એકબીજાને કહેવા લાગ્યા, ‘ચાલો, આપણે સીધા બેથલેહેમ જઈએ અને આ જે વસ્તુ બની છે અને ઈશ્વરે જેની આપણને જાણ કરી છે તેની ભાળ કાઢીએ.’

“તેઓ તાબડતોબ નીકળી પડ્યા અને એમણે મરિયમને ને યોસેફને ને ગમાણમાં સુવાડેલા બાળકને શોધી કાઢ્યાં. તેમને જોયા પછી ભરવાડોએ આ બાળકને વિશે પોતાને જે કહેવામાં આવ્યું હતું તે કહી સંભળાવ્યું. અને જેમણે જેમણે ભરવાડોની વાત સાંભળી તે સૌ અચંબો પામ્યાં. પણ મરિયમ એ બધી વાતો પોતાના મનમાં સંઘરી રાખી તેની ઉપર વિચાર કરતાં રહ્યાં. પછી ભરવાડો જે કાંઈ સાંભળ્યું ને જોયું તે બદલ ઈશ્વરનો મહિમા અને સ્તુતિ કરતા પાછા વળ્યા, એમને કહેવામાં આવ્યું તે જ પ્રમાણે બધું બન્યું હતું.” (લૂક ૨ : ૧-૨૦)

**ગળે ના ઊતરે તેવી વાત**

એક બચ્ચું! જનાવરોની ગમાણમાં જન્મેલું બાપડું બચ્ચું! એનાં માબાપ મરિયમ અને યોસેફ, સાવ ગરીબ. એવા ગરીબને ઉતારો કોણ આપે? એ જન્મેલ બાળક તે ઈસુ ખ્રિસ્ત!

એના પિતા એ તો સ્વર્ગ ને પૃથ્વીના સર્જનહાર! એ બાળક આખા બ્રહ્માંડનો ધણી ને સૌનો પાલનહાર! ખુદ ભગવાન!

આ વાત ઝટ દઈને કોણ માને? ઈસુની આ કથા વાંચનાર માણસ એમ ને એમ આ વાત ના સ્વીકારે. એ સારુ તો વાંચનારનો માંહ્યલો શ્રદ્ધાથી ઝળહળી ઊઠવો જોઈએ. ને શ્રદ્ધાનાં એવાં તેજ તો કેવળ ભગવાન જ આપી શકે.

શ્રદ્ધા બેસે એ પહેલાં માણસ વાંચે, ધ્યાન દઈને વાંચે; જે વાંચે એના પર પૂરો વિચાર કરે ને દિલથી પોતાને પ્રશ્નો પૂછે ને પોતાને સત્યનાં દર્શન થાય એ સારુ નમ્રતાથી ઈશ્વરને વિશેષ પ્રાર્થના કરે.

પહેલો પ્રશ્ન તો આ જ ઊભો થશે : શું આ ઈશ્વરની યોજના નહોતી? તો પછી ઈસુ કેમ કોઈ રાજાના કુંવર થઈને ના જન્મ્યા? જગતનો મુક્તિદાતા કંઈ આવી રીતે જન્મે? અજાણ્યા ગામડામાં ને તેય એક રંક બાઈને પેટે જન્મે?

કોઈ માણસ આ ને આવા પ્રશ્નોનો પૂરો જવાબ આપી શકશે નહિ. કોઈ માટીજાયો ઈશ્વરના મનને પૂરેપૂરું પિછાની શક્યો નથી. પણ આપણાં આદિ માતાપિતાનાં આજ્ઞાભંગ ને અભિમાનને લીધે પાપ અને બૂરાઈએ જગતમાં પ્રવેશ કર્યો એ ઘટનાને યાદ કરીએ તો આના પર થોડોઘણો પ્રકાશ પડે ખરો. આપણાં આદિ માબાપ અભિમાન ને સ્વાર્થથી અંધ બની ગયાં. એમણે ઈશ્વરને કશા લેખામાં જ ના લીધો, ને પોતાને જ દેવ ગણતાં થયાં. જેમણે એમને આ અદ્‌ભુત સૃષ્ટિનાં સરતાજ બનાવ્યાં હતાં તેને જ એમણે ઠોકરે માર્યો, અને ઈશ્વરને બદલે પોતાની જાતને જ રિઝવવા ભણી વળ્યાં. હું પાપ કરું છું ત્યારે આમ જ કરું છું. મારા માથામાં રાઈ ભરાઈ છે : ઈશ્વર કી એસી કી તૈસી! હું મારી જાતને જ સર્વેસર્વા માનતો થઈ જાઉં છું!

ઈસુ આપણાં આદિ માતાપિતાએ જે કાંઈ કર્યું તેને ભૂંસવા આવ્યા. મોશેએ પોતાના લોકોને જે રીતે મિસરની ગુલામીમાંથી છોડાવ્યા હતા તે રીતે ઈસુ માનવજાતને પાપની ગુલામીમાંથી છોડાવવા વહારે ધાયા. પાપી માનવે જે વર્તાવ કર્યો તેનાથી ઊલટો જ વર્તાવ ઈસુએ કર્યો. આદમની ઓલાદે પોતાને આસમાનથીયે ઊંચી માની; ઈસુએ પોતાની જાતને રજકણ કરતાંય હલકી બનાવી. માણસે ઈશ્વરની આજ્ઞાનો ભંગ કર્યો. ઈસુ ઈશ્વરની આજ્ઞાને પૂરેપૂરા વશ થયા. સંત પાઉલ લખે છે :

“તમે એકબીજા પ્રત્યે ખ્રિસ્ત ઈસુમાં હતી તેવી ભાવના રાખો, પોતે ઈશ્વરસ્વરૂપ હોવા છતાં તેઓ ઈશ્વર સાથેની સમાનતાને વળગી રહ્યા નહિ, બલ્કે તેમણે પોતાને શૂન્યવત્ બનાવ્યા, અને દાસનું સ્વરૂપ ધારણ કરીને તેઓ માણસ જેવા માણસ બની ગયા. માનવરૂપે પ્રગટ થઈને તેમણે પોતાની જાતને અદના બનાવી દીધી. અને પોતે એવા તો આજ્ઞાધીન બની ગયા કે મૃત્યુને - વધસ્તંભ ઉપરના મૃત્યુને - સુધ્ધાં તેમણે વધાવી લીધું. આથી પરમેશ્વરે તેમને સર્વોચ્ચ સ્થાને સ્થાપ્યા છે, અને તેમને સૌ નામોમાં શ્રેષ્ઠ એવું એકમાત્ર નામ આપ્યું છે, જેથી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળલોકનાં સૌકોઈ ઈસુનું નામ સાંભળીને દંડવત્ કરે, અને પ્રત્યેક જિહ્‌વા પિતા પરમેશ્વરના મહિમાના અર્થે સ્વીકારે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે” (ફિલિપ્પી ૨ : ૫-૧૧).

ઈસુ વિશે પાઉલે ઉચ્ચારેલા આ શબ્દો તમે હંમેશા મનમાં કોતરી રાખજો. હવે પછી જ્યારે જ્યારે તમે શુભસંદેશ વાંચો ત્યારે આ શબ્દોનું અચૂક સ્મરણ કરજો. તમારે ઈસુનાં ખરાં દર્શન કરવાં હોય તો આ વચનોનું તમારા અંતરમાં રત્નની પેઠે જતન કરજો.

## ઈશ્વરે આપણને આપેલ આદર્શ

ઈસુ છોકરો મટી કમાતો જુવાન બન્યા, પણ એથી એમના ઘરની કંગાલિયતમાં કશો ફરક પડ્યો નથી. ન તો એમનું કુટુંબ બે પાંદડે થયું, ન તો એની કશી વગ વધી. ઈસુના પાળક પિતા યોસેફ ધંધે સુથાર હતા એટલે ઈસુ બાપીકા ધંધે જોતરાયા ને એક કહ્યાગરા દીકરાની પેઠે માતા મરિયમને ઘરકામમાં ટેકો કરતા થયા.

એમ તે ત્રીસ વરસના પુરુષ થયા. તે ઉંમરે તેમણે સુથારનો ધંધો મૂકી દીધો, પોતાનું ઘર છોડી દીધું ને લોકો વચ્ચે તેમણે ઉપદેશ આપવા માંડ્યો. હવે તેઓ સૌને પરમપિતા ભણી જવાનો રસ્તો દેખાડવા લાગ્યા.

છતાં ઈસુએ ઘરખૂણે ગાળેલાં આ ત્રીસ વર્ષોમાં પણ જિજ્ઞાસુ અને ચિંતનશીલ સ્ત્રી-પુરુષોને શીખવા જેવું ઘણુંબધું પડ્યું છે.

આમ તો આપણને પેદા કરનાર ઈશ્વર, એટલે આપણે ઈશ્વરના સેવકો ગણાઈએ. છતાં ઈશ્વર આપણને દરેકને પોતાના દાસ નહિ પણ પોતાનો પુત્ર બનાવવા માગે છે. ઈશ્વર બધાં માણસોને પોતાનાં સંતાનો તરીકે અપનાવવા માગે છે. પણ આપણાં પ્રથમ માબાપના કુકર્મને પગલે જગતમાં પાપે પ્રવેશ કર્યો ને તે સાથે આખી માનવજાતને ઈશ્વરનાં સંતાનો બનાવવાનો જે મહાલાભ મળવાનો હતો તે ગુમાવ્યો. એ લાભ આપણને પાછો મળે એ સારુ ઈશ્વરે પોતાના એકના એક દીકરાને આપણો ભાઈ બનવા ને આપણે કરેલાં કુકર્મોનાં દેવાં ભરપાઈ કરવા જગતમાં મોકલ્યો.

ઈસુ જ પરમપિતાના સનાતન પુત્ર છે, જેમના દ્વારા આ બધું સર્જાયું છે, તેથી 'આપણે કઈ માટીના બનેલા છીએ' તે ઈસુ બરાબર જાણે છે. ઈસુ જાણે છે કે માણસના બોલ માણસને માર્ગ દેખાડે, પણ નમૂનો તો માણસને બોલનારની પાછળ ચાલતો કરે. વળી ઈસુ માણસની મર્યાદાઓ ને માણસનું માનસ પણ સારી પેઠે સમજે છે. ઈસુ જાણે છે કે માણસ સારામાં સારા ઉપદેશનાંય અવળાં અર્થઘટન કરે છે. ઉપદેશ એળે જાય, બતાવેલો નમૂનો એળે ન જાય. કડિયાને તમે નમૂનો તૈયાર કરી આપો, પછી જુઓ કે તે તમને તાજમહેલ જેવી બેનમૂન ઇમારતો સુધ્ધાં તૈયાર કરી આપે છે કે નહિ!

એથી ઈસુ જન્મ્યા તે ઘડીથી માંડી મરણને ભેટ્યા તે ઘડી સુધી આપણી પેઠે એક માણસ તરીકે જ જીવ્યા. ઈસુએ આપણને માણસનું જીવન જીવી બતાવ્યું, જેથી માણસને પોતાનું જીવન કેવી રીતે જીવવું ને કેમ સાર્થક કરવું તેની ખબર પડે. આ જગતમાં જન્મતી દરેકે દરેક વ્યક્તિ મન, વચન અને કર્મથી પોતાની જેમ જ જીવે ને એવું જીવન જીવીને પોતાની સાથે એકરૂપ બની જાય ને એ રીતે પોતાની પેઠે આપોઆપ ઈશ્વરનું સંતાન બની જાય એવી જીવનરીત ઈસુએ આપણને બતાવી. એ રીતે ઈસુ આપણા જીવનનો આદર્શ છે.

ઈસુનું ત્રીસ વર્ષનું સાદું ને અંગત જીવન પણ આ દૃષ્ટિએ આપણા માટે મોટા ઘડારૂપ છે. ઈસુએ પોતે મરણને ભેટ્યા તેની આગલી રાતે આ ભણી આપણું ધ્યાન દોર્યું હતું : "મેં તમારી આગળ દાખલો બેસાડ્યો જ છે, મેં જેમ તમારા પ્રત્યે કર્યું તેમ તમે પણ કરો."

પરમપિતાએ ઈસુને જગતમાં મુક્તિદાતા તરીકે મોકલ્યા હતા. ને તે પુણ્યશાળીઓના નહિ બલ્કે વિશેષ તો, પાપીઓના મુક્તિદાતા તરીકે મોકલ્યા હતા. તેથી જન્મથી માંડી મૃત્યુ પર્યંતની એકે એક પળ ઈસુ જગતની મુક્તિ સિદ્ધ કરવાનું જ કર્તવ્ય બજાવતા રહ્યા. એમનાં શરૂઆતનાં ત્રીસ વર્ષો એમણે કેવી રીતે ગાળ્યાં હતાં. એનો એકમાત્ર અણસારો બાર વર્ષની ઉંમરે એમણે પોતાનાં માતાને જે જવાબ આપ્યો હતો તેમાંથી મળી રહે છે, "શું તમે નહોતાં જાણતાં કે હું મારા પિતાનું જ કામ કરી રહ્યો હોઈશ?" ને એ તમામ વર્ષોમાં નાનાંમોટાં સૌ માનવોને પોતાના વર્તનથી એક જ વાતનો ઉપદેશ આપતા રહ્યા કે દરેક જણે પોતાની પેઠે પિતા પરમેશ્વરની જ ઇચ્છા પૂરી કરવી. ઈસુએ પાછળથી પોતાના ઉપદેશમાં લોકોને આ જ શીખ આપ્યા કરી.

"જુઓ હું તમારી ઇચ્છાનો અમલ કરવાને હાજર છું." એ જ હતો પોતાના પિતાને ઈસુનો કોલ. એ કોલ શું પોતાના ખાનગી જીવનમાં કે શું જાહેર જીવનમાં, પોતાની કારમી પીડા ને પોતાના બલિદાનની ઘડી સુધી ઈસુ નિભાવતા રહ્યા. આ જ છે સૌ માટે સમગ્ર ધર્મશાસ્ત્રનો સાર, આ જ છે પ્રત્યેક જણનું એકમાત્ર જીવનકર્તવ્ય. ઈસુએ આપણ સૌને આ જ સત્ય ભાર દઈને જણાવ્યું છે : "જે પરમપિતાની ઇચ્છા પ્રમાણે ચાલે છે તેનો જ ઈશ્વર ઉપરનો પ્રેમ સાચો."

ને પિતા પરમેશ્વરની એવી ઇચ્છા હતી કે પોતાનો પુત્ર તદ્દન સામાન્ય માણસ પેઠે જીવે. ઈસુ સર્વથા અસાધારણ હતા, પણ પિતાની ઇચ્છા મુજબ છેક સાધારણ જીવન જીવ્યા જેથી સૌને દાખલો બેસે. ઈસુએ એકેએક દીકરા-દીકરીને માબાપના કહ્યામાં રહેવાની

શીખ આપી. પણ એ શીખ આપતાં પહેલાં તેઓ પોતે પોતાનાં માબાપના કહ્યાગરા દીકરા બની રહ્યા. ઈસુ જાણતા હતા કે સંસારમાં એમનાં મોટાભાગનાં ભાઈબહેનોને મજૂરી કરીને પોતાનો રોટલો રળવાનો છે, તેથી ઈસુએ પરસેવો પાડીને પોતાનું તેમ જ પોતાના માબાપનું ગુજરાન ચલાવ્યું. ને એમ ઈસુ જીવનની હરઘડી પોતાને મોકલનાર પોતાના પરમપિતાની ઇચ્છા પૂરી કરતા રહ્યા. આપણે ઈસુ જેવા બનવું હોય તો આપણે પણ સતત ઈશ્વરની ઇચ્છા મુજબ જીવન જીવવું રહ્યું.

પોતાના ઘરખૂણે ગાળેલાં ત્રીસ વર્ષોમાં ઈસુએ કેટકેટલા ઉપયોગી ને મહત્ત્વના પાઠ આપણને શીખવ્યા છે! ઈસુ આપણને બતાવે છે કે આપણે ઈશ્વરને જ આપણા માલિક ગણીએ ને ઈશ્વરને જ જીવનમાં સૌથી મોખરે રાખીએ. કુટુંબમાં જીવીને ઈસુએ આપણને બતાવ્યું છે કે માણસે પંડે એકલા નહિ પણ સૌના સાથમાં જીવવાનું છે. ઈસુએ જાતે કામ કરીને માણસના જીવનમાં શ્રમનું ગૌરવ કર્યું. ઈસુએ ચીંધેલી જીવનની આ સર્વ એવી બાબતો છે જેને સૌ માણસોએ શિરોમાન્ય ગણવાની છે. ઈસુ રોજરોજ આપણને આ પાઠો શીખવતા રહે છે. આ પાઠો અઘરા છે ખરા, પણ આ જ પાઠો માનવજીવનના પાયા છે.

**શ્રમની પ્રતિષ્ઠા**

ઈસુ એક અતિ મહત્ત્વનું કામ લઈને આ જગતમાં આવ્યા હતા. ઈસુ આપણાં પાપોની ગુલામીમાંથી આપણને છોડાવીને પાછાં ઈશ્વરનાં સંતાનો બનાવવા સારુ આવ્યા હતા. પૃથ્વી પરના પોતાના આયુષ્યકાળનાં તેત્રીસ વર્ષો પૈકી ત્રીસ વર્ષોનો મોટો ભાગ તો એમણે રોજિંદા કામ પછવાડે જ ગાળ્યો. આનો અર્થ સ્પષ્ટ છે. ઈસુ આ રીતે આપણા રોજિંદા કામનું મૂલ્ય અને તેની ઇજ્જત આપણા મનમાં સ્પષ્ટ રીતે ઠસાવવા માગે છે.

ઈશ્વરે પોતે સૃષ્ટિ પેદા કરી ને એને આપણા હાથમાં સોંપી જેથી આપણે એમાં કામ કરીએ ને એનો વિકાસ કરતાં રહીએ. ઈશ્વરે આમ આપણને પોતાનાં સાક્ષી કે સહકાર્યકર બનાવ્યાં. પૃથ્વીના ગર્ભમાં પડેલી ને અનંત બ્રહ્માંડમાં છુપાયેલી સંપત્તિને આપણે શોધી કાઢીએ ને એને ઉપયોગમાં લઈએ એવું ઈશ્વરનું નિર્માણ હતું.

પણ પાપને લીધે કામ વેઠ ને વૈતરું બન્યું, મહેનત સજારૂપ નીવડી. પણ ઈસુ મજૂર ને મુક્તિદાતા બંને બન્યા ને એ રીતે કામને એની પ્રતિષ્ઠા મળી. ઈસુને હાથે માનવશ્રમનાં અપાર આદર અને અદકેરાં ગૌરવ થયાં.

આપણે આપણા દિવસનો તથા જીવનનો મોટો ભાગ શ્રમ પછવાડે ગાળીએ છીએ. આપણે એમ ન વિચારવું જોઈએ કે ઈશ્વર ભણીની આપણી યાત્રા ને આપણો રોજરોજનો શ્રમ એ બે અલગ અલગ બાબતો છે. વાસ્તવમાં કામ કરતાં કરતાં જ આપણે ઈશ્વર ભણી એક એક ડગલું આગળ વધીએ છીએ. હું મારું કામ કરીને મારા કુટુંબનો નિર્વાહ કરું છું. હું ખેડૂત છું, હું પાક પકવીને બીજાં લોકોને અન્ન પૂરું પાડું છું. હું કારખાનામાં કામ કરું છું અથવા દુકાનમાં વસ્તુઓ વેચું છું, જેથી આજના જગતનો વ્યવહાર સુપેરે ચાલે. સૌને જરૂરી વસ્તુઓ મળી રહે એટલા માટે ઑફિસોમાં નોકરી કરું છું. હું નિશાળમાં શિક્ષકનું કામ કરું છું અને મારા વિદ્યાર્થીઓના જીવનનું સર્વાંગી ઘડતર કરું છું. આમ, મારે ફાળે આવેલું કામ કરતો કરતો હું મારા જીવનને સફળ ને સાર્થક કરતો રહું છું.

અહીં આપણે થોડું આત્મચિંતન પણ કરીએ. આપણી ભારતીય સંસ્કૃતિમાં ઘણી ઉમદા બાબતો છે. પણ એક નબળું પાસું પણ છે. આપણે ત્યાં શારીરિક શ્રમ પ્રત્યે સૂગ કેળવવામાં આવી છે ને શ્રમ કરનાર માણસને હલકો ગણવામાં આવ્યો છે. એને શૂદ્ર કે હરિજન ગણીને આપણે એને કૂતરાં-બિલાડાં કરતાંય હલકો ગણ્યો છે ને અસ્પૃશ્ય માન્યો છે. આવું વલણ અધમ છે ને આપણી મુક્તિની આડે સૌથી મોટું વિઘ્ન છે. નરસિંહ મહેતા જેવા સંતની ચેતવણી આપણે સદા મન સામે રાખીએ :

"હરિજનથી જે અંતર ગણશે,
તેના ફોગટ ફેરા ઠાલા રે."

ઈસુના કામમાં મારું કામ ટેકારૂપ છે. ઈસુ જગતના મુક્તિદાતા છે, ઈસુ સહુ માણસોને ગુલામીમાંથી મુક્ત કરે છે. જ્યારે હું મારું કામ ઈસુને નામે કરું છું ત્યારે હું ઈસુના મુક્તિકાર્યમાં ઈસુનો સાથી બનું છું. ઈસુની સહાયમાં બીજા લોકોની સેવા કરતાં કરતાં હું મારાં બંધનો પણ છોડતો જાઉં છું.

આ પુસ્તિકામાં આપણે ઈસુ વિશે હેરતભરી વાતો જાણી. પાપની ગુલામીમાંથી આખી માનવજાતને છોડાવવા સારુ તેમણે મનુષ્યાવતાર લીધો. પણ એમણે જે રીતે અવતાર લીધો તે આપણી ધારણા બહારનો હતો. ઈશ્વરનો પુત્ર આવી કંગાલિયતમાં જન્મે એવું આપણે ધાર્યું નહોતું. એક મામૂલી સુથારના કુટુંબમાં તેમનો ઉછેર થશે એવું આપણે કલ્પ્યું સુધ્ધાં નહોતું.

આપણે શાંતિથી આપણા મનમાં આ બધી બાબતો વિશે થોડો વિચાર કરીએ. શું બનેલી આ બધી ઘટનાઓ લેખામાં લેવા જેવી લાગે છે? એ કોઈ પણ રીતે મને સ્પર્શે છે? એમાં શું હું ઈશ્વરનો હાથ પારખું છું કે પછી મને એ એક વાત જેવી વાત જ લાગે છે?

હું પૂરી સચ્ચાઈથી ને ઈમાનદારીથી મારી જાતને પૂછું છું : ઈસુની આ કથામાં મારે માટે કોઈ સંદેશો છે? શું આ સર્વમાં ઈશ્વર તરફથી મારે માટે કોઈ સંદેશો નથી?

હે પ્રભુ,
કોઈ વાર હું ખાસ્સો ગંભીર બની જાઉં છું.
મને એમ થાય છે કે
મારા જીવનમાં કશીક મહત્ત્વની ચીજ ખૂટ છે,
પણ શું ખૂટે છે તે હું જાણતો નથી.
કદાચ એ તમે જ છો.
હે પ્રભુ,
'મારાં નયણાંની આળસ રે,
ન નિરખ્યા ઝાંખી કરી.'
ઘણી વાર જે વસ્તુ
ખૂબ મહત્ત્વની લાગે છે, તે વાસ્તવમાં હોય છે
સાવ સામાન્ય ને મામૂલી.
ને હું જેને સામાન્ય ને મામૂલી ગણતો હોઉં છું
એ જ ખરેખર ખૂબ મહત્ત્વની હોય છે.
તમે મરિયમ જેવી ગામડાની સામાન્ય છોકરીને
તમારા પુત્ર ઈસુની માતા થવા પસંદ કરી.
હે પ્રભુ,
તમારા મૂલે મને મૂલવતાં શીખવો.

આવો, ઈસુને મળો શ્રેણીની પાંચ પુસ્તિકાઓ પૈકી આ બીજી પુસ્તિકા તમારા હાથમાં છે. આ શ્રેણીની પ્રત્યેક પુસ્તિકામાં ઈસુ ખ્રિસ્ત અને તેમના ઉપદેશ વિશે પ્રમાણભૂત માહિતી આપવામાં આવી છે.

પ્રાપ્તિસ્થાન : કેથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ
સન્માન હોટલની બાજુમાં
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર
અમદાવાદ ૩૮૦ ૦૧૪

## પ્રશ્નપત્ર - ૨
## ('આવો, ઈસુને મળો'
## પ્રકરણ - ૩ બેટા, પાછો આવ
## અને
## પ્રકરણ - ૪ ઈશ્વરનો આપણી મધ્યે વાસ)

**નોંધ:** આ પ્રશ્નો તમારી ધાર્મિક માન્યતાઓની કસોટી કરવા માટે નથી. તમારા ઉત્તરોથી એ સ્પષ્ટ થશે કે તમે આ મૂળ પાઠોના અર્થ બરાબર સમજ્યા છો કે નહીં. જવાબ માટે પ્રશ્ન સાથે છાપેલી ચોરસમાં 'હા' અથવા 'ના' લખો. જ્યાં તેમ ન હોય ત્યાં ખાલી જગ્યા પૂરો. ઉત્તરો આપતી વેળાએ પુસ્તિકાની મદદ જરૂર લો.

'આવો, ઈસુને મળો' આ પાંચ પુસ્તિકાઓમાં આ બીજો પ્રશ્નપત્ર છે. જો તમે બધા પ્રશ્નપત્રોના સંતોષકારક ઉત્તરો આપશો તો તમને પુરસ્કારરૂપે શુભસંદેશની એક નકલ ભેટ આપવામાં આવશે. તમે અમારો આગામી આગળનો અભ્યાસક્રમ પણ આગળ ધપાવી શકશો.

### પ્રકરણ - ૩

૧) અ) કેવળ ઈશ્વરની દયા જ આપણને પાપમાંથી છોડાવી શકે છે.

બ) જન્મ -મરણના ફેરાથી આપણે પાપમાંથી મુક્ત થઈ શકીએ છીએ.

૨) અ) અબ્રાહામનાં આપણે એટલા માટે વખાણ કરવાં જોઈએ કે ઈશ્વરે તેને ધનવાન બનાવી દીધો.

બ) અબ્રાહામ હિંમત અને વિશ્વાસથી ઈશ્વરની હાકલને અનુસર્યો એટલે આપણે તેની પ્રશંસા કરવી જોઈએ.

### પ્રકરણ - ૪

૧) ભરવાડોને દેવદૂતે ક્યો શુભસંદેશ સંભળાવ્યો?
(પુસ્તિકામાંથી એ શબ્દો લખો) ..........................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

૨) સંદેશવાહક ગાબ્રિએલે મરિયમને કહ્યું, 'સૌ સ્ત્રીઓમાં તું ધન્ય છે', કારણ કે -

(અ) મરિયમનાં લગ્ન યોસેફ સાથે થવાનાં હતાં.

(બ) મરિયમ ઈશ્વરના પુત્રની મા બનવાનાં હતાં.

૩) ઈસુ આપણાં આદિ માતાપિતાએ જે કાંઈ ..........................................................

……………………………………………………………………………………………
……………………………………………………………………………………………………
…………………………………………………………………………………………વહારે ધાયા.